**''હિન્દુ ગરોડા બ્રાહ્મણ'' તરીકે ઓળખાવતા ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા બાબત.**

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૯૬/૧૦૭૯/હ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૫મી જુન - ૧૯૯૮.

ઠરાવ :–

કેન્દ્ર સરકારે અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક-૧૧ સામે દર્શાવવામાં આવેલ ''ગરોડા'', ''ગરો'' જાતિને અનુસૂચિત જાતિ તરીકે ગણેલ છે. આથી જે લોકોના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અગરતો અન્ય રેવન્યુ રેકર્ડમાં ''હિન્દુ ગરોડા બ્રાહ્મણ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ હોય તેવા ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવતું નથી, સબબ આવા ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તથા અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા બાબતની કેટલીક રજૂઆતો સરકારશ્રીને મળી હતી.

૨. પ્રસ્તુત બાબતમાં કાળજીભરી વિચારણા કરીને આથી એવું ઠરાવવામાં આવે છે કે જે ઈસમો મૂળ ''ગરોડા'' કે ''ગરો'' જાતિના હોય પરંતુ પોતાને ''હિન્દુ ગરોડા બ્રાહ્મણ'' તરીકે ઓળખાવતા હોય તેમજ શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અગરતો અન્ય કોઈ રેવન્યુ રેકર્ડમાં ''હિન્દુ ગરોડા બ્રાહ્મણ'' તરીકે લખાવતા હોય/ઉલ્લેખ થયેલ હોય તો તેવા ઈસમોને પણ હવેથી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું તેમજ અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા.

૩. ઉપર જણાવ્યા મુજબ સંબંધિત ઈસમોને હવેથી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મળી રહે તે અંગે સંબંધિત પ્રમાણપત્ર આપતા સક્ષમ અધિકારીશ્રીઓને સુચના આપવા નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતાને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(વી. એમ. પરમાર)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત રાજ્ય

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. નાયબમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.

x સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
x સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
x સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
x સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(સંબંધિત સર્વેને જરૂરી સૂચના પાઠવવાની વિનંતી છે.)
તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
તમામ જીલ્લા કલેકટરશ્રીઓ.
તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ.
સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.
અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.
સમાજ કલ્યાણ વિભાગની સઘળી શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.

x પત્ર દ્વારા.